## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૧૧

### સલામી સવારની..

ફાટ્યું છે સરોવર સહનશીલતાનું સાંધે કોણ?
તૈયાર છે નનામી અસંતોષની કાંધે કોણ?
કોણ નથી વાંધે! વરાળ છે વરિષ્ઠોના હૈયે પણ -
ચૂં ચૂં તો છે ઉપરથી નીચે સુધી ઘંટ બાંધે કોણ?

### હાઈકુ

કરીને આવ્યા,
અરણ્યમાં રૂદન -
વિકલ્પો ખૂલ્લા!!

પક્ષ ને મોઢે
ચૂંટણી ભંડોળનાં -
લાગ્યાં છે તાળાં..

(કેશુભાઇ દિલ્હીયાત્રા - સ્પેશીયલ)

### ચિંતન

મણિઃ શાણોલ્લીઢઃ સમરવિજયી હેતિનિહતો મદક્ષીણો નાગઃ શરદિ સરિતઃ શ્યામપુલિનાઃ ।
કલારોપશ્ચંદ્રઃ સુરત મૃદિતા બાલવનિતા તનિમ્ના શોભન્તે ગલિત વિભવાશ્ચાર્થિષુનૃપાઃ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે :-

સરાણ પર ચઢાવી પાસા પાડેલો-કાપેલો, છોલેલો-ઘસાયેલો હોય છતાં મણિ - એવા હોવા છતાં શોભે છે.

શસ્ત્રો-હથિયારથી ઘાયલ થયેલો-લોહી નિંકળતા શરીરવાળો - ઘાયલ પણ યુધ્ધ વિજયી સૈનિક શોભે છે.

મદ ઝરવાથી ક્ષીણ થયેલો હોય છતાં હાથી શોભે છે.

શરદઋતુમાં જેના બંને કાંઠેથી પાણી ઉતરી ગયા હોય એવાં કિનારાવાળી-વિશાળ પટવાળી નદી શોભે છે.

તદ્દન પાતળી એક રેખા - કળા વાળો બીજનો ચંદ્ર પમ શોભાયમાનય લાગે છે.

કામક્રીડા પછી - મર્દન કરાયેલી યુવતી (અસ્તવ્યસ્ત વસ્ત્રો) છતાં શોભે છે.

અને ગરીબ યાચકોને દાન આપી-આપી ધન-સમૃધ્ધિથી ક્ષીણ થયો હોય છતાં એવો દાનવીર - રાજા શોભે છે.

### સુવિચાર

- અન્યાય, પાપ અને અત્યાચાર સામે ક્રોધ કરવો ઉચિત છે, પરંતુ પોતાના સ્વાર્થ માટે ક્રોધ ઉચિત નથી - **આત્માનંદજી**
- જયારે ક્રોધ નમ્રતામાં પરિમણે ત્યારે અભિમાન પણ તેને વંદન કરે છે- **સ્વામી ચૈતન્ય**
- ક્રોધ મૂર્ખાઇથી શરૂ થાય છે, પશ્ચાતાપથી પૂરો થાય છે - **પાયથાગોરસ**
- સમગ્ર જગતને એક તાંતણે બાંધવું સરળ છે, પણ ક્રોધ પર કાબૂ મેળવવો કઠિન છે - **વિનોબા ભાવે**
- કામ, ક્રોધ, લોભ અને મોહના ત્યાથી જ આત્માની ઉન્નતિ થાય છે - **ગીતાજી**
- ક્રોધ પહેલાં મગજ પર કાબૂ મેળવી માણસને વિચારશૂન્ય બનાવે છે - **ઓ. હેન્રી**
- જે ક્રોધ પર નિયંત્રણ રાખે છે તે જ સ્વર્ગનો સાચો અધિકારી છે - **કુરાન**

### બોધકથા

ઘણીવાર પ્રધાનશ્રીઓ પૈસાથી ભેગી થયેલી ભીડ જોઇને બોલવામાં ભાન ભૂલી જાય અને એમને એમ જ થાય પ્રજાને મારાં દર્શન અને વક્તવ્યનું ખૂબ મોટું આકર્ષણ છે. પછી ભલે જીભ પર કાબૂ રહેતો નથી, સિમેન્ટના રસ્તા, રંગીન ફૂલોના રસ્તા, નદી-તળાવો-ડેમ છલકાવે, યુનિવર્સિટીઓની સ્થાપના કરી દે વગેરે..

એકવાર એક પીએ એ નેતાશ્રીનું હિંમતથી ધ્યાન દોર્યું, તમે અતિશયોક્તિમાં વચનો આપો છો તેથી પબ્લીકમાં હાસ્યાસ્પદ ઠરો છો, જરા માપમાં બોલો..

નેતાશ્રી મૂડમાં હતાં એટલે હળવા મને એ સાંભળી લીધું અને કહ્યું, સારું આમે હું બોલતો હોઉં ત્યારે તમે નજીકમાં જ બેઠા હો છો. તમને એમ લાગે કે હવે વચન આપવામાં અતિશયોક્તિ થાય છે ત્યારે 'ઉધરસ' ખાજો એટલે હું ચેતી જઇશ..

ફરી કલ્યાણ મેળાની ભીડ જોઇ નેતા ભૂરાયા ને કરોડોના પેકેજ ખોલવા લાગ્યા.. પેલો પીએ ઉધરસ ખાઇ ખાઇ થાકી ગયો. નેતા તો પોતાના મૂડમાં નદી-તળાવ-ડેમ છલકાવવામાં ડૂબેલા હતા. ઉલ્ટું ઉધરસથી ગુસ્સે થઇ ગયા અને પોતાના કમાન્ડોને કહે, પેલાને કોઇ પાણી તો આપો! બોલવામાં ખલેલ કરે છે. કમાન્ડો પેલાને પરબ સુધી પહોંચાડી આવ્યા..

# સતત નકારાત્મક વિચારો કરવા, ગમગીન રહેવું, પોતાને જ ઉતારી પાડવું, બીજાને જ હંમેશ દોષિત જોવા - આ બધી આદતો છોડી દેવી

## હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

જૂન મહિનો ચાલુ થાય એટલે દરેક બાળક શાળા - કોલેજમાં જવાના દિવસોની ગણતરી કરવા લાગી જાય. આ ગણતરી બે અર્થમાં થઇ શકે. એક બાળકને શાળા કે કોલેજમાં જવું ગમતુ 'હોય. બીજું એમને ભણવામાં કંટાળો આવતો હોય તો તે દિવસોની ગણતરી કરતો હોય છે. મા-બાપ ખર્ચાને લઇને દિવસો ગણતરી કરતા હોય છે. શાળા કોલેજોમાં જતાં બાળકોનાં મનમાં ઘણાંબધાં પ્રશ્નો મૂંઝવતાં હોય છે. એમાંય ખાસ કરીને ટીનેજર્સના મનમાં વિવિધ પ્રકારના પ્રશ્નો મૂંઝવે છે. જેવા કે હવે આખું વર્ષ ભણવાનું, ભણવાની સાથે હોમવર્ક કરવાનું, પ્રોજેક્ટ વર્ક કરવાનું, આખું વર્ષ સમય જ નથી મળતો. શાળા, કોલેજમાં જવાનું હાજરી પૂરાવવા માટે ખાસ. ટ્યુશન કલાસમાં ભણવા જવાનું એનું હોમવર્ક કરવાનું, મિત્રો સાથે ગપ્પા મારવાના, વાતો કરવાની, સમયાંતરે મિત્રોની પાર્ટીમાં હાજરી આપવાની, આવા બધાં વિચારો આવે ત્યારે ખૂબ ઉત્સાહ સાથે ટેન્શન થઇ જાય. ભગવાન પાસે આપણે પ્રાર્થના કરીએ કે, તું મને મદદ કર.

બીજાને જોયા પછી આપણા મનમાં નાના નાના છતાં મહત્ત્વનાં ઘણા વિચારો આવે જેવા કે, હું બીજાઓ કરતાં કંઇક 'કમ' છું. દેખાવમાં, ચપળતામાં, બીજાની સાથે અનુકૂળ થવામાં, હું કઇ રીતે ખુશ રહી શકું? મારા વાળ, મારો દેખાવ, મારી ચામડીનો કલર, મારા ફેશનેબલ કપડાં, મારી પર્સનાલીટી બીજા જેવી નથી. મને એવું લાગે છે કે જાણે મારી જીવનશૈલી મારી ધ્યાન બહાર જઇ રહી છે.

બીજાના કરતાં મારા ઘરમાં ખૂબ કજિયા કંકાસ થાય છે. મમ્મી-પપ્પા વચ્ચે, મમ્મી-દાદી વચ્ચે, મમ્મી-કાકી વચ્ચે રોજ બૂમાબૂમ અને ઝઘડા થયા કરે છે. આવું બધું સાંભળીને જોઇને આવા તણાવભર્યા વાતાવરણમાં મારો જીવ મૂંઝાય છે. પાછા આ બધા આખો દિવસ ઘરમાં ઝઘડ્યા કરે છે. ફક્ત મને ભણવા માટે. નાના મોટા કામ માટે ટોક ટોક કરે છે. કયાંથી શાંતિ હોય? મને એવું લાગે છે કે મારા મમ્મી-પપ્પા મારાથી સંતુષ્ટ નથી. હું ગમે તેટલા પ્રયત્ન કરું તો પણ મારાથી નારાજ રહે છે. મને ખબર છે, હું જીવનમાં ખોટા રસ્તે જઇ રહી છું, જઇ રહ્યો છું. મારા ઘરમાં મમ્મી-પપ્પાની જાણ વગર મિત્રો સાથે તમાકુ, સિગરેટ, આલ્કોહોલ, ડ્રગ્સ વગેરે આદતોનો બંધાણી થતી જાઉં છું, છતો જાઉં છું. મારે સારા માર્કસ આવતાં નથી. જો આવું ને આવું રહ્યું તો મને કોઇ સારી કોલેજમમાં એડમિશન કેવી રીતે મળશે? મને બહુ જ ટેન્શન થાય છે. હું બહુ મૂડી માણસ છું. એનાથી હું વારેઘડીયે ડિપ્રેશ થઇ જાઉં છું. મને ખબર નથી પડતી કે આમાંથી કેવી રીતે બહાર નીકળી શકું.

ઉપર જણાવેલ ટેવો વત્તાઓછા પ્રમાણમાં દરેક બાળકમાં જોવા મળે છે. તમારે તમારી ટેવોથી થાક્યા હશો અને પરિવર્તન ઇચ્છો છો. પણ તમારામાં બદલવા માટેનો ઉત્સાહ નહી હોય. બદલાવની ભાવના નહીં હોય તો તમે બહારનું કોઇ પણ માણસ તમને બદલી નહીં શકે. કોઇના કહેવાથી કશું જ થતું નથી. અંદરની ઇચ્છા એટલે આપણા સ્વની ઓળખ. પોતાની સાથેનો વાર્તાલાપ કરે, મુલાકાત લઇ મનનો બધા કચરો સાફ કરી નાંખી અંદર નવા બીજ વાવવાનાં. કદાચ આપણે બાહ્ય રીતે મિત્રો, કપડાં, મૂવી, રેસ્ટોરન્ટ, બોયફ્રેન્ડ-ગર્લફ્રેન્ડ કે માતા-પિતા, ખોરાક કે પછી કોઇ સમસ્યાની આસપાસ જ જીવન પસાર થતું હશે. તમે જાતે વિચારો આપણે જાણતાં કે અજાણતાં કયાં અટકેલા છીએ.જેનાથી આપણે આપણી ખામીઓ છુપાવીએ છીએ. બહારની રીતે ઉપર જણાવેલ ઉપાયોમાંથી કોઇ પણ એક કે એથી વધુ રીતે આપણે આપણી જાતને પૂર્ણ કરવાનો ખોટો પ્રયત્ન કરતાં હોવા છતાં અંદરથી, ખાલીનાં ખાલી જ હોઇએ છીએ. એના બદલે આપણે કેન્દ્રમાં જઇએ, મૂળને મજબૂત કરીએ. પ્રામાણિકતા, સાચો પ્રેમ, હાર્ડવર્ક, રિસ્પેક્ટ, જવાબદારી, ધીરજ અને આધ્યાત્મિક ગુણોને વિકસાવીએ. આવા સારા ગુણો વિકસાવવા માટે આપણી ટેવોને બદલીએ. આમાં સારી આદતો જેમ કે, નિયમિત્ર વ્યાયામ કરવો, પહેલેથી આયોજન કરવું, દરેકને માનથી બોલાવવા, ખરાબ આદતો જેમ કે - સતત નકારાત્મક વિચારો કરવા, ગમગીન રહેવું, પોતાને જ ઉતારી પાડવું. બીજાને જ હંમેશ દોષિત જોવા. આ બધી આદતો છોડી દેવી, આપણે જે વસ્તુ વારંવાર કરીએ એનાં સંસ્કાર આપણામાં પડે છે. અને આપણે તેવા જ બનીએ છીએ. ટેવોને બદલવા માટે આંતરિક શક્તિ જ કામે લગાડી શકાય. એનાથી ઊંચું તત્ત્વ કોઇ જ નથી. ગમે એટલી જૂની, ઘર કરી ગયેલી સારી કે ખરાબ ટેવો હોય પણ ઉત્સાહ અને જિજ્ઞાસાથી વિશેષ કંઇ જ નથી.

માટે જ જો તમે ઇચ્છો તો જરૂરથી બદલી શકો છો. આ માટે અમુક નવી ટેવો વિકસાવો.

જેવી કે -

➡ તમારી લાઇફનો કંટ્રોલ તમારી પાસો રાખો.

➡ તમારા મિત્રોની સંગત સુધારો, યોગ્ય મિત્રોની સોબત રાખો.

➡ યોગ્ય સમયે સારા નિર્ણય લો.

➡ તમારા વડીલો સાથે મતભેદ હોવા છતાં પોઝિટિવ સંબંધ રાખો.

➡ કોઇ પણ વ્યસનમાંથી મુક્તિ મેળવવા પર ધ્યાન કેન્દ્રીય કરી, પુરૂષાર્થ કરો, એની અગત્યતા તમે જ નક્કી કરો.

➡ ઓછા સમયમાં ઝડપી અને સુંદર કાર્ય કરો.

➡ તમારા આત્મવિશ્વાસને વધારવા માટેનાં ચોક્કસ પગલાં લો.

➡ હંમેશાં આનંદમાં, પ્રસન્નતામાં રહો.

➡ જીવનનાં દરેક ક્ષેત્રમાં સંતુલન જાળવો. જેમ કે, કામ, મિત્રો, ઘર વગેરે...

➡ હંમેશા ચોખ્ખાઇનો આગ્રહ રાખો.

➡ તમે કેવા દૃષ્ટિબિંદુથી દુનિયાને જુઓ છો, મૂલવો છો એ નક્કી કરો.

યાદ રાખજો કોઇ પણ સફળ વ્યક્તિની પાછળ કોઇક એવી વ્યક્તિ હંમેશા રહી છે. જેમણે એમનામાં વિશ્વાસ રાખ્યો હોય, જેવા કે માતા-પિતા, શિક્ષક, કોઇ મિત્ર, જેનો વિશ્વાસ અને પ્રોત્સાહન આપણને સતત પ્રેરણા અને શક્તિ આપે છે. તો આજથી જ આપણા બાળકોને વિશ્વાસ, શ્રધ્ધા આપી એ જેથી તેઓ તૂટે નહીં, આપણે જોડવાનું કામ કરવાનું છે, તોડવાનું નહીં.

**આપણે આપણી જાતને પૂર્ણ કરવાનો ખોટો પ્રયત્ન કરતાં હોવા છતાં અંદરથી, ખાલીનાં ખાલી જ હોઇએ છીએ, એના બદલે આપણે કેન્દ્રમાં જઇએ, મૂળને મજબૂત કરીએ, પ્રામાણિકતા, સાચો પ્રેમ, હાર્ડવર્ક, રિસ્પેક્ટ, જવાબદારી, ધીરજ અને આધ્યાત્મિક ગુણોને વિકસાવીએ**

# વિશ્વના સાચા મહાપુરૂષોની આગવી ઓળખ આપતું પુસ્તક

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

મહાપુરૂષોથી રાષ્ટ્ર મહાન બનતું હોય છે. જે પ્રજા મહાપુરૂષો પેદા ન કરે તે કદી મહાન થઈ શકે નહીં. મહાપુરૂષોના ત્રણ પ્રકાર છે. (૧) પ્રશ્નો ઉભા કરનારા (૨) પ્રશ્નોથી ભગાડનારા અને, (૩) પ્રશ્નો ઉકેલનારા.

સ્વામી સચ્ચિદાનંદજી કહે છે કે, મારી દષ્ટિએ પ્રશ્નો ઉકેલનારા જ સાચા મહાપુરૂષો છે. વગર જોઈતા પ્રશ્નો ઉભા કરનારા કે પ્રશ્નોથી ભગાડનારા પલાયનવાદી ગમે તેટલા મહાન બની બેઠા હોય તો પણ તે સાચા મહાપુરૂષો નથી. બસ આટલી વાત સમજાવવા 'સાચા' શબ્દના વિશેષણ સાથે તેમણે આપણને વિશ્વના સાચા મહાપુરૂષોનો પરિચય કરાવ્યો છે. તેમના આ પુસ્તકમાંથી પસાર થતાં ૧૮ જેટલા મહાપુરૂષો કઈ રીતે સાચા મહાપુરૂષો છે. તે વાતની પ્રતીતિ થાય છે. જેમાં માર્ટીન લ્યુથર, સોક્રેટીસ, સંત ફ્રાંસિસ, અરસ્તુ - એરિસ્ટોટલ, નૅપોલિયન બૉનાપાર્ટ, જયોર્જ વૉશિંગ્ટન, અબ્રાહ્મ લિંકન, આલ્બર્ટ આઈનસ્ટાઈન, ક્રિસ્ટૉફર કૉલંબસ, હ્યુ-એન-સંગ, માર્ટીન લ્યુથર કિંગ, મધ્વાચાર્યજી, મહાત્મા જયોતિબા ફૂલે, શાહુ મહારાજ, વાસ્કો-દી-ગામા, રાજેન્દ્ર ચૌલ પ્રથમ, સરદાર વલ્લભભાઈ પટેલ, બાજીરાવ પહેલાં વિષે વિગતપૂર્ણ, ખુબ જ ઊંડાણથી પરિચય આપનારા લેખો મળે છે.

''સાચા મહાપુરૂષો'' આ પુસ્તક - એમને અંદરના અને બહારના માણસોએ સતત પજવ્યા છતાં જેમણે ભારતની એકતાનું અદ્ભૂત કાર્ય કરી બતાવ્યું તેવા સરદાર વલ્લભભાઈ પટેલને સ્વામી સચ્ચિદાનંદજીએ અર્પણ કર્યું છે.




જે લોકોના રાષ્ટ્રના માનવતાના પ્રશ્નો ઉકેલે છે. પ્રશ્નો ઉકેલવા માટે ઝઝૂમવું પડે તો ઝઝુમે છે. આવા ઝઝૂમનારને શાંતિ ન હોય, અશાંતિ જ હોય, પણ આવી અશાંતિ બીજાની શાંતિ માટે હોય છે. આ જ સાચા મહાપુરૂષો કહેવાય. પ્રશ્નો ઉકેલવાની દષ્ટિએ જોઈએ તો ભારતમાં બહુ ઓછા સાચા મહાપુરૂષો થયા છે. જે બહુ મોટો ઢગલો દેખાય છે તે કાં તો વગર જોઈતા પ્રશ્નો ઉભા કરનારા મહાપુરૂષો દ્વારા પ્રજા સુખી ન થઈ શકે. કારણ કે વણ ઉકેલાયેલા પ્રશ્નો પ્રજાને સુખી થવા ન દે. માનો કે એક ગામમાં આત્મ સાક્ષાત્કારી મહાપુરૂષ કે કુંડળી જગાડનારો કોઈ યોગી રહે છે. પણ આખું ગામ ગંદકીથી ખદબદી રહ્યું છે. બેકારીથી કે અસુરક્ષાથી દુ:ખી છે. પેલા આત્મ સાક્ષાત્કારી કે યોગી તેમાં કશુ કરતા નથી. કશું ન કરવામાં જ તેમની મહત્તા રહે છે. આવા હજારો સાક્ષાત્કારીઓ કે યોગીઓ હોય તેવી પ્રજા સુખી ન થાય. પ્રજા તો સુખી થાય માત્ર પ્રશ્નો ઉકેલવાથી, સળગતા - ભળભળતા પ્રશ્નો શાંતિ પામના ન દે. એટલે સ્વામીજીની દષ્ટિએ પ્રશ્નો ઉકેલનારા જ સાચા મહાપુરૂષો છે. વગર જોઈતા પ્રશ્નો ઉભા કરનારા કે પ્રશ્નોથી ભગાડનારા પલાયનવાદી ગમે તેટલા મહાન બની બેઠા હોય તો પણ એ સાચા મહાપુરૂષો નથી. બસ આટલી વાત સમજાવવા જ સ્વામીજીએ 'સાચા' શબ્દનું વિશેષણ આપ્યું છે.

**યોગી કરતાં ઉપયોગી ઘણો મહાન હોય છે, પ્રજાને સાચા માર્ગે વાળવી હોય તો ઉપયોગી બનાવો, જે પોતે પોતાના માટે ઉપયોગી જીવન જીવે છે, તે માનવ છે, પણ જે બીજા ઘણાને માટે જીવન જીવે છે તે મહામાનવ છે, તે જ સાચો મહાપુરૂષ છે**

પ્રશ્નો તો ઉભા થતાં જ રહેવાના, કારણ કે જીવન અને પ્રશ્નો સાથે સાથે જ ચાલતા હોય છે, પ્રશ્નો વિનાનું જીવન હોય જ નહીં, પોતાના આહારાદિ સામાન્ય બાબતના પ્રશ્નો પણ જો બીજા દ્વારા ઉકેલાતા હોય તો તેવા સાક્ષાત્કારી કે યોગીને 'સાચા' શબ્દ લગાડાય નહીં. તે યોગી હશે પણ ઉપયોગી નથી. યોગી કરતાં ઉપયોગી ઘણો મહાન હોય છે. પ્રજાને સાચા માર્ગે વાળવી હોય તો ઉપયોગી બનાવો, જે પોતે પોતાના

● અનુસંધાન પાન-૬ પર

### આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૨૫મી જૂન**

● માતૃભૂમિનો મંત્ર રહનારા રામદાસ બિસ્મીલની જન્મજયંતિ ૨૫-૬-૧૮૯૭. અંગ્રેજ હકૂમતની જડ ઉખેડવાની, પ્રતિજ્ઞા સાથે હસતે મુખે ફાંસી પર ચડી જનાર ક્રાંતિકારી.

● ૧૯૮૩ ૨૫મી જૂન વિશ્વકપ જીતીને ક્રિકેટ



જગતમાં ભારતનો ડંકો વાગ્યો. લોર્ડઝના મેદાન પર વિશ્વની બળુકી ટીમ વેસ્ટ ઇન્ડિઝને હરાવી કપિલદેવની કારકિર્દીનું બહુમૂલ્ય યોગદાન, ૧૯૩૨માં ભારત-ઇંગ્લેન્ડ વચ્ચે પ્રથમ ક્રિકેટ મેચ રમાઇ.

● ૧૯૫૪ - પંચશીલના સિધ્ધાંતોનો સ્વીકાર થયાં.

● ૧૯૩૯ - બાલશિક્ષક



આચાર્ય ગિજુભાઇનું અવસાન.

● ૧૯૭૫ ની ૨૫ જૂન - મધ્યરાત્રિએ કટોકટી લદાઇ.

# દેવાના માનસપટમાં અમુ અને ગગજીની પ્રેમલીલાનાં અનેક દશ્યો તરવરવા લાગ્યાં, તેના માનસમાં વિચારોનો પ્રચંડ ધોધ સળંગ - અવિરત પસાર થતાં તેનું માનસ ફાટુંફાટું થઈ ગયું ને ધરતી ગોળ ગોળ ફરતી દેખાઈ ને ચક્કર આવતાં ધરતી પર ઢળી પડ્યો

## પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૨૩)

- જયંતીલાલ મકવાણા

(ગતાંકથી આગળ)

ભાંગતી રાત્રીએ દેવો પથારીમાંથી ઊભો થયો. એનું મન અશાંત હતું. કેટલાય વિચારોથી એનું મન ઘેરાયેલું હતું. અત્યાર સુધી સુખ સાહ્યબીની જિંદગી વિતાવ્યા પછી અચાનક તેના પર આભ તૂટી પડ્યું હોય તેવું લાગતાં તેને કયાંક ચેન પડતું નહીં. છેલ્લા કેટલાય દિવસોથી એની ઊંઘ ઉડી ગઈ હતી. એ ઊંઘ ઉડાળનાર હતી. એના જ ગામની કંકુ. કંકુએ દેવાના માનસમાં એવો તણખો લગાવ્યો હતો કે એ તણખાથી દેવાના હૈયામાં ભયંકર આગ ભભૂકી ઉઠેલ. આગનો સ્વભાવ છે કે તેના સપાટામાં આવેલ સર્વ ચીજવસ્તુ કે વ્યક્તિને બાળીને ખાખ કરી નાખે. પરંતુ દેવાના હૈયામાં સળગેલી આગ બાળીને ખાખ કરી શકે તેવા પ્રકારની હતી નહીં. આ આગ એવા પ્રકારની હતી કે વ્યક્તિ જીવન જીવતા માનસિક તાપથી સળગતો રહે.

એ તણખો લાગ્યો હોય કંકુના વેધક શબ્દોથી, એ શબ્દોના પડઘા વ્હીસપ્રિંગ ગેલેરીની માફક વારંવાર દેવાના કાનમાં પડદા પર અથડાયા હતા. ''દેવાભાઈ, તમારી પત્ની અમુને તમારા સાથીના છોકરા ગગજી સાથે આડાસંબંધ છે.'' કંકુના આ તીક્ષ્ણ શબ્દોએ દેવાના કાનના પડદા હચમચાવી નાખ્યા, આથી દેવાનું મગજ વેદનાથી ચસ્કા ભરવા લાગ્યું તે મગજ પરનો કાબુ ગુમાવી બેઠો. દેવા માથા પર બે હાથ રાખી ચીસ પાડી ઊઠ્યો. ''કંકુ...''

અને એ ભાંગતી રાત્રે સર્વત્ર અશાંતિનું વાતાવરણ છવાઈ ગયું હોય તેવું લાગ્યું. ભારે હૈયે મન મજબૂત કરી રૂમમાં આંટા મારવા લાગ્યો. તે તરંગે ચઢી ગયો. શું કંકુ ભાભીની વાત સાચી હશે!

અમુએ વિશ્વાસઘાત કર્યો. મા-બાપ સાથે. અરે, એના પતિ સાથે વિશ્વાસઘાત! આવી સ્ત્રી ને શું કરવાની! દેખાવતો સતી સીતા જેવો કરતી હોય તેવું જીવન જીવે છે. અંતે તો પાપ છાપરે ચડી પોકાર્યું ખરું!

**એકાંતમાં પછી સંસ્કાર, હોંશિયારી, માનમર્યાદા આ બધું ભૂલી જ જવાય છે, મોહમાયાની પ્રબળતા અતિ તીવ્ર હોય છે, કામવાસનાની પ્રબળતામાં વ્યક્તિ તદ્દન ભાન ભૂલી ન કરવાનું કરી બેસે છે**

જો કંકુ ભાભીની વાત સાચી હોય તો આ સ્ત્રીને ઘરમાં રખાય નહી. આ પત્ની માટે લાયક ગણાય નહીં. જે સ્ત્રીનું ચારિત્ર શુધ્ધ ન હોય તેને પત્ની તરીકે રખાય નહીં. આમ દેવાને અમુ આંખના કણાની માફક ખૂંચવા લાગી.

દેવાના વિચાર વમળે વહેણ બદલ્યું. શું અમુ આવી જ હલકાં પગની હશે! આમ તો તેણી બહુ જ શરમાળ છે. લગ્ન બાદ હિલ સ્ટેશને ફરવા ગયા ત્યારે તેના માટે ખરીદેલ આધુનિક ડ્રેસ પણ તેણે પહેરવાની ના પાડી દીધેલ તો પછી તે ગગજી સાથે કઈ રીતે... નજીક આવી ગઈ!

હા, એ વાત તો નક્કી છે. એકાંત બહુ જ ખરાબ છે. અને શાસ્ત્રમાં તો કહ્યું છે કે, એકાંતમાં તો સગી મા કે બહેન સાથે પણ ન રહેવાય. તો પછી અમુ અને ગગજીને શું સંબંધ! માત્ર માલિક અને ખેતમજૂરનો જ સંબંધ ને! આથી આ એકાંતનો લાભ લઈને બને ભાન ભૂલી જઈને મોહમાયામાં લપસી પડ્યા હોય! વધી સ્ત્રીનો શો ભરોસો! પુરૂષે સ્ત્રીએ કરેલું પાપ કોઈ દિવસ કળી શકાય નહીં.

એકાંતમાં પછી સંસ્કાર, હોંશિયારી, માનમર્યાદા આ બધુંભૂલી જ જવાય છે. મોહમાયાની પ્રબળતા અતિ તીવ્ર હોય છે. કામવાસનાની પ્રબળતામાં વ્યક્તિ તદ્દન ભાન ભૂલી ન કરવાનું કરી બેસે છે.

કંકુ ભાભી અમસ્તા આવી વાત કહે નહીં. આ બાબતમાં કંઈક તો તથ્ય હશે જ! કંકુ ભાભી તો એમ કહેતા કે, ''દેવાભાઈ, હું એકલી નહિ પણ મારી સાથે કામ કરતી લાભુ અને લીલકીએ પણ અમુના ચેનાચાળા નજરોનજર જોયેલા છે!''

આવી ખરાબ વાતનો વાયુવેગે સમાજમાં પ્રસરાઈ જાય. સમાજના લોકોને તો આવું કાંઇ મળવું જોઈએ!

અરે કંકુ ભાભી, લાભુ અને લીલાએ આ ત્રણે તો અમુના ચારિત્ર્યની વાત જાણી પણ રામસંગભાઈના ઘરવાળા પણ આ બાબત વિશે જાણતા હશે! અને રામસંગભાઈના ઘરમાં અમુની બદચારિત્ર્યની વાત પહોંચે એટલે મુખીબાપાની આબરૂની ફજેતી થઈ સમજો ને!

● અનુસંધાન પાન-૬ પર